# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/02/2026** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રીએ, અંદાજપત્રમાં રજૂ થયેલી વર્તમાન અને નવી બાબતોના ત્વરીત અમલીકરણ અંગે સૂચના આપી.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આગામી વર્ષ 2035 સુધી ગુજરાત દેશનું અગ્રણી મેન્યુફેક્ચરિંગ હબ બનશે.**
3. **રાજ્યમાં લગ્ન નોંધણીના નવા નિયમો અંગે આજે વિધાનસભામાં જાહેરાત કરાશે.**
4. **રાજ્યમાં 23 ફેબ્રુઆરીથી તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે.**
5. **રાજ્યના મહત્તમ તાપમાનમા 2-3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM CABINET MEETING

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યમંત્રી મંડળની બેઠક યોજાઈ હતી.

પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે , મુખ્યમંત્રીએ એક મહત્વપૂર્ણ વહીવટી સુધારણા સૂચવતા બેઠકમાં મુખ્ય સચિવને સૂચના આપી છે કે , બજેટ વિધાનસભામાં પસાર થાય તેની રાહ જોયા વગર અત્યારથી જ વર્તમાન અને નવી બાબતોનું અમલીકરણ કરવાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ તમામ વિભાગોને સૂચના આપી છે કે , બજેટમાં રજૂ થયેલી વર્તમાન અને નવી યોજનાઓ માટેના ડ્રાફ્ટ જીઆર , ડ્રાફ્ટ ટેન્ડર અને અન્ય વહીવટી પ્રક્રિયાની અત્યારથી જ શરૂ કરી દેવી, જેથી બજેટ મંજૂર થતાની સાથે જ દરેક યોજનાનું ત્વરિત અમલીકરણ થાય અને જનતાને પણ વિવિધ યોજનાઓનો લાભ ખૂબ ઝડપથી આપી શકાય.

આ બેઠકમાં મંત્રીમંડળના સભ્યો અને સચિવો દ્વારા મુખ્યમંત્રી , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ નાણા મંત્રી કનુ દેસાઈને રાજ્યના ઇતિહાસનું સૌથી મોટું અને ઐતિહાસિક બજેટ રજૂ કરવા બદલ વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા , તેમ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

આ ઉપરાંત ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓની તુલના અને સમીક્ષા કરવી અને તેમાં જો કોઈ ત્રુટી હોય તો તેને ઝડપથી દૂર કરવા મુખ્યમંત્રીશ્રીએ દરેક વિભાગના સચિવોને આદેશ આપ્યા છે , જેથી વધુમાં વધુ નાગરિકોને યોજનાકીય લાભ આપી શકાય.

---

# HARSH SANGHAVI ASSOCHAM

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , આગામી સમયમાં ગુજરાત દેશનું અગ્રણી મેન્યુફેક્ચરિંગ હબ બની રહેશે, અને વર્ષ 2035 સુધી દેશમાં સૌથી વધુ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ ગુજરાતમાંથી ઉભરી આવશે.

નાયબ મુખ્યમંત્રી અમદાવાદ ખાતે **ASSOCHAM** દ્વારા આયોજિત "ગુજરાત પાવરિંગ ગ્લોબલ ગ્રોથ ઇન્ડસ્ટ્રી ઇન્ટરેક્ટિવ સેશન"માં સંબોધન કરી રહ્યા હતાં.

આ પ્રસંગે શ્રી સંઘવીએ , **ASSOCHAM** દેશની અમૂલ્ય સંપત્તિ સમાન સંસ્થા ગણાવી હતી, જેણે રાજ્ય સહિત દેશના વિવિધ રાજ્યોના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે , રાજ્યના તાજેતરના બજેટમાં 25 સ્માર્ટ **GIDC**ના વિકાસ માટે મહત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે , જે ઔદ્યોગિક વિસ્તારોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરીને વિકાસને વધુ ગતિ આપશે.

આ કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગજગત અને સરકાર વચ્ચે પરસ્પર સંવાદ અને સહકાર વધારવા માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

---

# BUDGET REACTION - PANCHMAHAL

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલ બજેટને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં રહેતા સામાજિક આગેવાન શૈલેષ ઠાકરે બજેટ અંગે પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું,

## બાઈટ - શૈલેષ ઠાકર

---

# NEW RULES FOR MARRIAGE

રાજ્યમાં લગ્ન નોંધણીના નવા નિયમો આજે વિધાનસભા ગૃહમાં જાહેરાત કરાશે. ગૃહમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગૃહમાં, જાહેર અગત્યની બાબત પર નિયમ 44 હેઠળ ગૃહમાં આ અંગે જાહેરાત કરશે. લગ્ન નોંધણીના નિયમોમાં ફેરફારો થશે.

---

# DIU - MINISTER VISIT

મત્સ્યઉદ્યોગ, પશુપાલન, ડેરી અને પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ, મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી પ્રો. એસ.પી. સિંહ બઘેલ અને સચિવ ડૉ. અભિલક્ષ લિખીએ દીવની મુલાકાત લીધી.

તેમણે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાની સમીક્ષા કરવા અને ભારત સરકારની વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણની ખાતરી કરવા માટે કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન સંબંધિત યોજનાઓની સમીક્ષા અને જરૂરી સૂચનો આપવામાં આવ્યા.

આ પ્રસંગે શ્રી રાજીવ રંજન સિંહે જણાવ્યું કે, ભારત સરકાર માછીમારોના કલ્યાણ અને મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રશાસિત પ્રદેશને તમામ શક્ય સહાય પૂરી પાડશે.

---

# RAJKOL DEMOLATION

રાજકોટમાં **23** ફેબ્રુઆરી સોમવારથી એક હજાર 400 થી વધુ ગેરકાયદેસર બાંધકામોનું દબાણ દૂર કરાશે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું કે , આ કામગીરી સાત ઝોનમાં સંકલિત થશે.

## બાઇટ : તુષાર સુમેરા, મ્યુનિસિપલ કમિશનર

---

# CABINET TEKA NA BHAV

રાજ્યમાં આગામી **23** ફેબ્રુઆરીથી તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, તુવેરના ટેકાના ભાવે વેચાણ માટે એક લાખ 33 હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

---

# BHARUCH EXAM

ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાને લઈને ભરૂચના જય ભારત ઓટો રીક્ષા મંડળ દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે . જે અનુસાર પરીક્ષા દરમિયાન આકસ્મિક પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવા આવશે , તેમ મંડળના પ્રમુખ આબિદ મિર્ઝા બેગે જણાવ્યું.

## બાઈટ : આબીદ મિર્ઝા બેગ-પ્રમુખ

---

# PRAKRUTIK KHETI - SABARKANTHA

રાજ્યના ખેડૂતો રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લાના નવલપુર ગામના ખેડૂત પૃથ્વીસિંહ પ્રહલાદસિંહ મકવાણાએ પ્રાકૃતિક ખેતી અપનાવી 'ઝીરો બજેટ'થી સમૃદ્ધિ મેળવી રહ્યા છે અને અન્ય ખેડૂતો માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે.

રાજ્ય સરકારની ‘ગાય નિભાવ સહાય યોજના ’ હેઠળ મળતી સહાય દ્વારા ખેતી કરતાં પૃથ્વીસિંહ મકવાણાએ કહ્યું કે, આ સહાય ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે અને દરેક ખેડૂતે ઝેરમુક્ત ખેતી તરફ વળવું જોઈએ.

## બાઇટ : પૃથ્વીસિંહ મકવાણા

---

# WEATHER

હવામાન વિભાગે જણાવ્યું કે , રાજ્યના મહત્તમ તાપમાનમા **2-3** ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

ફેબ્રુઆરી મહિનામાં સામાન્યથી ઊંચું તાપમાન નોંધાતા ગરમીની અસર વધશે. ઉત્તર ગુજરાતમાં વેસટર્ન ડિસ્ટર્બન્સ અને ટ્રફ સક્રિય સિસ્ટમ સક્રિય થવાના કારણે તાપમાનમાં વધારો નોંધાયો છે.

## બાઈટ – ડોક્ટર એ.કે. દાસ, ડાયરેક્ટર, હવામાન વિભાગ

ગરમીમાં વધવાની આગાહી વચ્ચે, છોટાઉદેપુર જિલ્લાના વાલોઠી, બમરોલી, મુધિયારી, ઊંચાપાન પાઠકમાં વહેલી સવારે ધીમી ધારે કમોસમી વરસાદ નોંધાયો

છે.  કમોસમી વરસાદથી , મકાઈ, તુવર અને કેરી ના પાક ને નુકશાન થવાના ભીતિ ખેડૂતોમાં જણાઈ રહી છે.

---

## SANAND FARMER MEETING

અમદાવાદ જિલ્લાના સાણંદના વસોદરા ગામે 150થી વધુ ખેડૂતોની ઉપસ્થિતિમાં ખેડૂત સંમેલન યોજાયું હતું. જેમાં 15 ગામના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીના સંકલ્પ સાથે મેળવ્યું પ્રેરણાદાયી માર્ગદર્શન મેળવ્યું હતું

સંમેલનમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા અને નિષ્ણાતો દ્વારા ખેડૂતોના પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કરવામાં આવ્યું હતું.

---

## AMDAVAD DIVYANG

અમદાવાદના દિવ્યાંગો અને નોકરીદાતાઓ રાજ્ય કક્ષાના પારિતોષિક માટેની અરજી કરી શકશે . આ પારિતોષિકો મુખ્યત્વે ત્રણ શ્રેણીમાં એનાયત કરવામાં આવશે . 40 ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા અરજદારો આ પારિતોષિક માટે નિયત નમૂનામાં અરજી કરી શકશે.

અરજી ફોર્મ વિભાગની સત્તાવાર વેબસાઇટ anubandham.gujarat.gov.in પરથી અથવા મદદનીશ નિયામક રોજગારની કચેરી , શાહીબાગ, અમદાવાદ ખાતેથી વિનામૂલ્યે મેળવી શકાશે. રસ ધરાવતા અરજદારોએ 26 ફેબ્રુઆરી , 2026 સુધીમાં અરજી કરી શકશે.

---

# HOLI EXTRA BUS

હોળી-ધૂળેટીના તહેવારોને લઈને રાજ્ય એસ. ટી. નિગમ દ્વારા વધારાની એક હજાર 300 બસ દોડાવાશે. જેમાં 7 હજાર 500 ફેરાનું સંચાલન કરાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે દ્વારકા અને ડાકોર જતા દર્શનાર્થીઓ માટે વધારાની 450 બસ ફાળવાઈ છે.

તહેવારો દરમિયાન અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારોમાંથી ગોધરા , દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર તરફ જનારા મુસાફરો માટે પણ વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. આ વિશેષ સેવાઓ 27 ફેબ્રુઆરીથી 5 દરમિયાન કાર્યરત રહેશે.

---